જન્મદિને વધામણી

ડો. પિયુષ દવે
ટ્રસ્ટી, કલ્ચરલ ફોરમ
મો. ૯૬૨૪૦ ૦૪૩૮૦

નરેશકુમાર કે મોદી
મો. ૯૮૨૪૧ ૧૧૬૬૭

જીયા અશોકકુમાર પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

ગુજરાત સ્ટેટ ચેસ ઍસોસિએશન દ્વારા સ્ટેટ લેવલની ચેસ ટુર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત સ્ટેટ ચેસ ઍસોસિએશન દ્વારા અન્ડર-૧૧ (બોયઝ એન્ડ ગર્લ્સ) અને અન્ડર-૧૭ (ગર્લ્સ) ચેસ ટુર્નામેન્ટનું આયોજન સ્પોર્ટ્સ કલબ, નવરંગપુરા, અમદાવાદ ખાતે તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં અન્ડર-૧૧ બોયઝ વિભાગમાં મોક્ષીત શાહ, મલય મેવાડા, આદિ જૈન, પ્રિયાંશ પટેલ, અન્ડર-૧૧ ગર્લ્સ વિભાગમાં રિદ્ધિ પટેલ, વિશ્વા વાસણાવાલા, આન્યા અગ્રવાલ, માનુશ્રી પટેલ, ફલક જોની નાઈક અને અન્ડર-૧૭ ગર્લ્સ વિભાગમાં તેજસ્વિની સાગર, શિલ્પી માધાણી, કવિષા શાહ, ધ્યાના પટેલ અને જિનલ યાજ્ઞિક અનુક્રમે વિજેતા બન્યાં હતાં. અન્ડર-૧૧ સ્પર્ધાના પ્રત્યેક વિભાગમાંથી પ્રથમ બે ખેલાડીઓ મહારાષ્ટ્ર અને અન્ડર-૧૭ વિભાગના પ્રથમ બે વિજેતા ખેલાડીઓ તામિલનાડુ ખાતે રમાનાર નેશનલ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. વિજેતા ખેલાડીઓને ઍસોસિએશનના સૅક્રેટરી ભાવેશ પટેલે સમગ્ર ઍસોસિએશન વતી બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

માતૃભાષા અભિયાન સંસ્થા દ્વારા 'બાળસાહિત્ય શનિસભા' યોજાઈ

ગાંધીનગર, તા. ૯

ગુજરાતી ભાષાના વિકાસ માટે સ્થપાયેલી માતૃભાષા અભિયાન સંસ્થા દ્વારા બાળસાહિત્યના લેખકોને સર્જનમાં વેગ મળે તથા સર્જનોનું સંવર્ધન થાય, તેનું સમૂહમાં મૂલ્યાંકન થાય તે આશયથી દર માસના પહેલા અને ત્રીજા શનિવારે 'બાળસાહિત્ય શનિસભા'નું આયોજન કરવામાં આવે છે.

આ ક્રમમાં ૭ ઑક્ટોબર ને શનિવારના રોજ ૧૦.૩૦ કલાકે ૫૦મી બાળસાહિત્ય શનિસભાનું આયોજન વીએમએસ, ચિત્રકૂટ ફ્લૅટ, સાહિત્ય પરિષદની સામે, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં બાળસાહિત્યના ૨૨ જેટલા સર્જકો ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ન માત્ર પોતાની અપ્રકાશિત, મૌલિક કૃતિ રજૂ કરી હતી, પરંતુ મુક્ત મને તેની ચર્ચા પણ કરી હતી.

યશવંત મહેતા, કિશોર પંડ્યા, યોસેફ મેકવાન, રવીન્દ્ર અંધારીયા, મનહર ઓઝા, ગોવિંદ દરજી, નયના મહેતા, સાંકળચંદ પટેલ, ગિરિમા ધારેખાન, પ્રશાંત રાવળ, માલિની શાસ્ત્રી, ભારતી સોની, ભરત પાઠક 'નયન', કુસુમ પટેલ, રામુ પટેલ, ફાધર વર્ગીસ પૉલ, બિન્દુ માધુ, ડી જે બાવલેય, પરીક્ષિત જોશી, યોગેશ ભટ્ટ, વિપુલ અમરાવ અને આશા ભટ્ટ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં અને તેમણે બાળકો સાથે બાળસાહિત્યના તમામ પ્રકારો રજૂ કર્યા હતા અને બાળસાહિત્ય સંવર્ધન અંગે મુક્ત મને વાતચીત પણ કરી હતી.

અર્બુદા પરિવાર ટ્રસ્ટનો ૧ ઉમો તેજસ્વી તારલા સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર પાસેના યાત્રાધામ ગિયોડ અંબાજી મંદિર ખાતે અર્બુદા પરિવાર ટ્રસ્ટ છાલાનો ૧ ઉમો તારલા સન્માન સમારોહ યોજાયો હતો. આ સમારંભમાં અધ્યક્ષ પદે દૂરડા દૂધસાગર ડેરી મહેસાણાના અધ્યક્ષ અને પૂર્વ ગૃહ મંત્રી વિપુલભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભનું ઉદઘાટન ઓતમપુરાના સરપંચ તથા ભોજનદાતા બેચરભાઈ ચૌધરીના હસ્તે કરાયું હતું. તથા સમારંભમાં અતિથિ વિશેષ પદે માણસાના પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી અને વિશેષ આમંત્રિતોમાં ધણપ શકિત મંદિર અંબાજી ટ્રસ્ટના પ્રમુખ કે.કે. પટેલ, અંબિકા પેટ્રોલિયમના મોતીભાઈ પટેલ, નટુભાઈ પટેલ, નિવૃત્ત વન સંરક્ષક અરૂણભાઈ ચૌધરી, છાલા કેળવણી મંડળના પ્રમુખ એમ.બી. પટેલ, પ્રાંતિજના પ્રાંત અધિકારી અશોકભાઈ ચૌધરી તથા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના મેમ્બર સી.કે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભમાં વિદ્યાર્થીઓને સન્માન પત્ર તથા શિલ્ડ આપી સન્માનવામાં આવ્યા હતા. સમારંભમાં મોટી સંખ્યામાં ચૌધરી પરિવારો ઉપસ્થિત રહ્યા હતા અને ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

લગ્નોત્સુક પાટીદાર યુવક-યુવતિઓ માટે જીવસાથી પસંદગી સમારોહનું આયોજન

ગાંધીનગર, તા. ૯

અમદાવાદ, બરોડા, સુરત અને રાજકોટ ખાતે આગામી દિવસોમાં પાટીદાર પટેલનાં સંતાનો માટે વિનામૂલ્યે જીવનસાથી પસંદગી મિલન સમારોહ યોજાઈ રહ્યા છે.

આ પસંદગી સમારોહમાં ભાગ લેવા ઈચ્છતા યુવક-યુવતીઓને પોતાનો તાજેતરનો કલર ફોટો, બાયોડેટા, જન્મ અને અભ્યાસના આધાર સાથે તારીખ ૧૬ ઑક્ટોબર સુધીમાં સમાજના કાર્યાલયે પહોંચાડવા સામાજની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. રીમેરેજ કરવા ઈચ્છતા પાત્રોએ છૂટાછેડાના આધાર, પુરાવા પણ રજૂ કરવા એમ જણાવતાં આ યાદીમાં ઉમેરવામાં આવ્યું છે કે આ સમારોહમાં ઉચ્ચ અભ્યાસ એનઆરઆઈ, ઓછો અભ્યાસ રીમેરેજ તેમજ શારીરિક વિશિષ્ટતાવાળા યુવક-યુવતિઓ પણ ભાગ લઈ શકશે.

ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) બોલીવુડના કયા જાણીતા લેખક અને દિગ્દર્શકનું તાજેતરમાં નિધન થવા પામ્યું છે ?
(એ) કુંદન શાહ
(બી) કુંદન પ્રસાદ
(સી) કુંદન કુમાર
(ડી) કુંદન જોષી

(૨) પાકિસ્તાન નૌસેનાના નવા પ્રમુખ પદે કોની વરણી કરવામાં આવી છે?
(એ) જફર અલી શેખ (બી) જફર મહમૂદ અબ્બાસી
(સી) જફર મરીપન (ડી) જફર શેખ મહંમદ

(૩) તાજેતરમાં મળેલી જીએસટી કાઉન્સીલે કેટલી ચીજવસ્તુઓ પર ટેક્સમાં ઘટાડો કર્યો છે ?
(એ) ૨૫ (બી) ૨૬
(સી) ૨૭ (ડી) ૨૮

(૪) તાજેતરમાં જીએસટી કાન્સીલની કેટલામી બેઠક મળી હતી ?
(એ) ૧૬મી (બી) ૧૮મી
(સી) ૨૦મી (ડી) ૨૨મી

(૫) તાજેતરમાં કયા રાજયમાં પ્રધાનમંત્રી રસોઈ ગેસ પંચાયત શરુ કરવામાં આવી છે ?
(એ) ગુજરાત (બી) બિહાર
(સી) પંજાબ (ડી) ઝારખંડ

(૬) તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસંઘે કયા દેશમાં પોતાનું શાંતિ અભિયાન સમાપ્ત કર્યું છે ?
(એ) ઈરાક (બી) ઈરાન
(સી) હૈતી (ડી) એક પણ નહિ

(૭) પ્રથમ આસિયાન-ભારત સંગીત સમારોહનું આયોજન કયા શહેરમાં કરવામાં આવ્યું છે ?
(એ) જયપુર (બી) પટના
(સી) આગ્રા (ડી) દિલ્હી

(૮) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ડિગલીપુરમાં કયા ટ્રંક રોડની આધારશીલા મૂકી છે ?
(એ) અંદમાન ટ્રંક રોડ (બી) કોચી ટ્રંક રોડ
(સી) દિલ્હી ટ્રંક રોડ (ડી) અમદાવાદ ટ્રંક રોડ

(૯) પ્રધાનમંત્રીએ કયા રાજયમાં આવેલી આઈ.આઈ.ટી. કેમ્પસને દેશ સમર્પિત કર્યું છે ?
(એ) પંજાબ (બી) ગુજરાત
(સી) મધ્યપ્રદેશ (ડી) ગોવા

(૧૦) હરિયાણા સરકાર ડુંગળીનાં બીજ પર કેટલા ટકા સબસીડી આપશે?
(એ) ૮૦ ટકા (બી) ૭૦ ટકા
(સી) ૬૦ ટકા (ડી) ૫૦ ટકા

લાયોનેસ કલબ દ્વારા નેત્ર નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૯

લાયોનેસ કલબ દ્વારા લાયન્સ સર્વિસ ડે નિમિત્તે ગલથરા ગામમાં કર્ણાવટી આંખની હોસ્પિટલ આંગણજના સહયોગથી વિના મૂલ્યે મેગા નેત્ર નિદાન કેમ્પ, મોતીયા નિદાન, રાહત દરે નંબરના ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય કાર્યમાં ગલથરા દૂધ ઉત્પાદન સહકાર મંડળી લી.ના પ્રમુખ બારડ અશોકસિંહ કરણસિંહ, મંત્રી ઠાકોર કડવાજી લાલાજીએ સહયોગ આપ્યો હતો. લાયોનેસ પ્રમુખ મિતાશ્રીબેન જયસિંઘાની, સેક્રેટરી નીતાબેન રાણા, કેબીનેટ ઑફિસર અનિલ જયસિંઘાની, પી.પી. વૈશાલીબેન જોષી, પ્રીતિબેન શર્મા, પ્રીતીબેન વ્યાસે આ માનવીય સેવાકીય કાર્યને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

ડાયરેક્ટ ❤ સે

પ્રયત્ન કરો કે જિંદગીની હરેક પળ આનંદથી વિતે કારણ કે જિંદગી તો નહીં રહે આનંદની પળો હંમેશાં યાદ રહેશે

યુએસ આર્મીની '૧૭-સી' સાયબર ફોર્સના વિશેષજ્ઞો અંગે 'એલાર્મિંગ રીપોર્ટ'

અમેરિકાના દાદુ મેથેમેટીસીયન અને તત્વચિંતક અને જાગતું નામ એટલે નોરબર્ટ વિનર. નોરબર્ટે 'સાયબર' નામના એક જોરદાર શબ્દની વિશ્વને ભેટ આપી. 'સાયબર' શબ્દનો ઓક્ષફોર્ડ ડીક્ષનેરીમાં જણાવ્યા મુજબ સીધો સાદો અર્થ થાય છે કે, કોમ્પ્યુટર, ઈન્ફર્મેશન ટેકનોલોજી અને વર્ચ્યુઅલ રિઆલીટીની દુનિયાની લાક્ષણિકતા અને એના સંબંધોની પરિભાષાની અભિવ્યક્તિ.

આજનો યુગ એટલે ઈન્ફર્મેશન ટેકનોલોજી અને 'સાયબર'નો યુગ છે. દુનિયા આખી સમેટાઈને મોબાઈલની ૫/૩ની સ્ક્રીન અને કમ્પ્યુટરના મોનીટરમાં આવીને મનુષ્યની આંગળીના ટેરવે ઊભી છે. આજના યુગમાં પ્રતિદિન સૌથી વધુ ઉપયોગમાં લેવાતો કોઈ શબ્દ હોય તો એ 'સાયબર' છે. 'સાયબર' શબ્દને જોડીને મસમોટા અર્થો વિશ્વના તત્વચિંતકો સમજાવતા હોય છે. 'સાયબર વર્લ્ડ, સાયબર થેપ્ટ, સાયબર સેફટી, સાયબર ધીસ... ધેટ... વગેરે વગેરે.

'સાયબર'ની આ વિશાળ દુનિયા સમજતા પહેલાં થોડી ઈન્ટરનેટની દુનિયામાં પણ ડોકિયું કરી લેવું જોઈએ. 'સાયબર' વિશ્વનો વ્યાપ અને ઉપયોગિતાની જાણકારી માટે પણ એ જરૂરી છે. સિસકો એન્ડ ઓક્ષફોર્ડ યુનિવર્સિટીના એક અહેવાલ મુજબ ૩૩.૫ મેગાબાઈટ પર સેકન્ડની ડાઉનલોડ સ્પીડ સાથે સાઉથ કોરિયા ઈન્ટરનેટ ફેસેલીટીઝમાં વિશ્વમાં નંબર વન છે. જે બીજા નંબરે આવતા હૉંગકૉંગ કરતાં ત્રણ ગણી ડાઉનલૉડીંગની સ્પીડ ધરાવે છે. સાઉથ કોરિયામાં ૧૭ મેગાબાઈટ પર સેકન્ડની અપલોડીંગ સ્પીડ છે. હિન્દુસ્તાનમાં સામાન્ય રીતે બેથી ચાર એમબીપીએસની સ્પીડ એટલે ભયો ભયો. ઈન્ટરનેટ વપરાશકારોમાં થયેલા જબરજસ્ત વધારાને કારણે સાયબર વિશ્વની આજે બોલબાલા છે. આફ્રિકામાં વર્ષ ૨૦૦૫માં બે ટકા ઈન્ટરનેટ યુઝર્સ હતાં જે ૨૦૧૦માં ૧૦ ટકા ઉપરાંત થઈ ગયા છે. અમેરિકામાં ૨૦૦૫માં ૩૬ ટકા વધીને ૨૦૧૦માં ૪૯ ટકા થયા છે. એરિબયન કન્ટ્રીઝમાં આઠ ટકા ઉપરથી ૨૬ ટકા, એશિયન કન્ટ્રીઝમાં નવ ટકા ઉપરથી ૨૩ ટકા અને યુરોપીયન કન્ટ્રીઝમાં ૪૬ ટકાથી વધીને ૬૭ ટકા થયા છે. ઈન્ટરનેટ યુઝર્સમાં થયેલો આ વધારો ટેલિકોમ્યુનિકેશનની દુનિયામાં છેલ્લા પાચથી દસ વર્ષમાં આવેલા જબરજસ્ત ઉછાળાની ગવાહી આપે છે. કોઈકે મજાકમાં કહ્યું હતુ કે સમુદ્રમાં જળ નાખી માછ્લી પકડતા માછેમારને માછ્લીએ શ્રાપ આપતા કહ્યું હતું કે એક દિવસ તમે પણ બધા જાળમાં સપડાશો. આ મજાકને જાણે ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશને આપેલા આંકડાએ સાચી ઠેરવી છે. ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશનના આકડા કહે છેકે, ૩.૨ બિલિયન લોકો એટલે કે વિશ્વના અડધા ઉપરાંત લોકો 'નેટ'થી જોડાયેલા હોય છે અને એ લોકો ઓનલાઈન હોય છે. જેમાંથી બે બિલીયન ડેવલપીગ કન્ટ્રીના અને ૮૯ મિલિયન ડેવલપ્ડ કન્ટ્રીના છે.

આટલી પૂર્વ ભૂમિકા પછી અમેરિકાની આર્મ્ડ ફોર્સમા સાયબર કાઈસિસની કહાની જોઈએ. આજકાલ વ્હાઈટ હાઉસ લશ્કરમાં સાયબર કામગીરી કરતાં વિશેષજ્ઞો કે જેને અમેરિકાની સેવન્ટીન-સી (૧૭-ષ્ઠ) સાયબર ફોર્સ કહેવાય છે તેનાથી ઉપર ચિંતન કરી રહ્યા છે. ૧૭-ષ્ઠ સાયબર ફોર્સના વિશેષજ્ઞો લશ્કરની જોબમા આવવાના બદલે ઊંચા પગારે ખાનગી ક્ષેત્રના સાયબર વર્લ્ડમાં નોકરી કરવા જઈ રહ્યા છે. આ બાબત અમેરિકન ટોપ મિલિટરી સર્વિસિસ માટે ભારે ચિંતાનો વિષય બન્યો છે. અમેરિકાના રેન્ડ કોર્પોરેશનના વરિષ્ઠ અર્થશાસ્ત્રી જેની ડબલ્યુ વેંગરે તાજેતરમાં આપેલા એક સંશોધન અહેવાલનો આ હાર્ડ વાંચીને અમેરિકન આર્મીના ટોપ ઓફિશિયલ ચોંકી ગયા છે. જેની વેંગર્સ ઉત્તર કોરોલીના, ચેબલહીલ યુનિવર્સિટીમાંથી પી.એચડી. થયા છે. આર્મ્ડ ફોર્સિસ ઓફિશિયલ્સના આશ્રિતોના શૈક્ષણિક અનુભવોના વિવિધ પાસાઓના ઉપરના સંશોધન અહેવાલના દસ્તાવેજીકરણના કાર્યમાં એમનો સિંહફાળો રહ્યો છે.

જેનીના અહેવાલમાં જણાવ્યા અનુસાર અમેરિકન આર્મીના સાયબર નિષ્ણાતોના વેતનની સામે ખાનગી ક્ષેત્રમાં સાયબર રિલેટેડ કામગીરી કરવા માટે મળતાં વેતન અને તકો આર્મી રિલેટેડ સાયબર વર્ક કરતા વધારે હોઈ એ બાબત અમેરિકન આર્મીના સાયબર એરીયાને ગંભીરપણે અવરોધ ઊભો કરી શકે એમ હોવાનુ જણાયુ છે.

અમેરિકાના નાગરિક વ્યવસાય હવે ૧૭-સીની ફરજોને નોંધપાત્ર રીતે ઓવરલેપ કરીને યુએસના લોકોને આકર્ષી રહ્યા છે. જેનીના સંશોધનની મુળતઃ વાત અમેરિકાની આર્મ્ડ ફોર્સીસની આ એલામહ્લગ સિસ્ટમને ગાઈ-વગાડીને કહી રહી છે. સિવિલિયન સાયબર સિક્યોરિટી એનેલાઈઝીંગની વાસ્તવિક વેતનની પરિભાષા યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના આર્મી પર્સોનલની વિભાવના સાથે મેળ ખાતી નથી. અમેરિકન સાયબર ટેકનોક્રેટ્સને સિવિલિયન સાયબર સિક્યોરિટી એનેલાઈઝીંગમાં વધુ તકો દેખાય છે. એના પરિણામે અમેરિકન આર્મીમાં આવા ટેકનોક્રેટ્સની ગંભીરપણે ભવિષ્યમાં અછત ઊભી થવાની સંભાવનાને નકારી શકાય નહીં. યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાએ વિશ્વ જમાદાર તરિકે એનો દબદબો જારી રાખવો હશે તો રેન્ડના અહેવાલ ઉપર ધ્યાન આપી યુએસ આર્મીની સાયબર નિપુણતા જાળવી રાખવા કમર કસવી પડશે. આ ક્ષેત્રમાં ઓવર કોન્ફિડંસ યુએસ આર્મીને ભારે પડી શકે છે.

જેનીનો આ અહેવાલ એટલા માટે મહત્વનો બને છે કે જેની રેન્ડ કોર્પોરેશનની શોધકર્તા છે. રેન્ડ અમેરિકાની નોન પ્રોફીટેબલ ગ્લોબલ પોલીસી થીંક ટેન્ક તરીકે ઓળખાય છે. મૂળતઃ ડગ્લાસ એરક્રાફ્ટ કંપની દ્વારા અમેરિકાના સશસ્ત્ર દળો માટે સંશોધન અને વિશ્લેષણ પૂરું પાડવાનું કામ આ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન-રેન્ડ દ્વારા કરવાના ઉદ્દેશ્ય સાથે રન્ડની સ્થાપના થઈ હતી. રેન્ડના શોધકાર્ય માટે આર્થિક સહયોગ અમેરિકન ગવર્નમેન્ટ ખાનગી સંસ્થાઓ, કોર્પોરેશનો અને યુનિવર્સિટીઓ દ્વારા આપવામાં આવે છે. જો કે હમણાં હમણાંથી રેન્ડે ખાનગી ફાઉન્ડેશનો અને આંતરરાષ્ટ્રિય સંગઠનો સાથે આરોગ્ય સંબંધી બિનસંરક્ષણ મુદ્દાઓ ઉપર પણ કામ કરવા માટે સંમતિ આપી કાર્ય વિસ્તરણ શરૂ કર્યું છે. રિસર્ચ વર્ક સાથે સંકળાયેલા અંદાજે ૧૭૦૦ જેટલાં લોકો રેન્ડ સાથે જોડાયેલા છે. પેન્ટામોનિકા, કેલિફોર્નિયા, આર્લિંગ્ટન, વર્જિનીયા, પીટ્સબર્ગ, પેન્સિલવેનિયા, સેનફ્રાન્સિસ્કોના બે વિસ્તારો – બોસ્ટન, મેસેચ્યુસેટ્સ, ન્યુઓર્લિયેન્સ, લ્યુઈસિયાના, યુરોપમાં કેમ્બ્રીજ, યુનાઈટેડ કિંગડમમાં બ્રસેલ્સ અને ઑસ્ટ્રેલિયાના કેનબેરામાં રેન્ડ કોર્પોરેશનની કચેરીઓ આવેલી છે. યુનાઈટેડ નેશન્સ આર્મી એરફોર્સના કમાન્ડર જનરલ હેન્રી એચ. આર્નોલ્ડ દ્વારા ભવિષ્યમાં યુદ્ધના શસ્ત્રો સંદર્ભે લાંબા ગાળાની યોજનાઓના અભ્યાસ માટે માર્ચ ૧૯૪૬માં ડગ્લાસ એરક્રાફ્ટ કંપનીએ ઓપરેશન્સ રિસર્ચ પદ્ધતિ અપનાવી. ડગ્લાસ દ્વારા ઈન્ટર કોન્ટીનેન્ટલ વોર ઉપર સંશોધન કરવા માટે રેન્ડને સૂચવાયું. મે-૧૯૪૬માં પ્રાયોગિક ધોરણે વર્લ્ડ સર્કલિંગ સ્પેસશીપની પ્રારંભિક ડિઝાઈન રજૂ કરવામાં આવી હતી અને મે-૧૯૪૮માં 'પ્રોજેક્ટ રેન્ડ' ડગ્લાસથી અલગ થઈને સ્વતંત્ર બિનનફાકારક સંગઠન બન્યું. હાલમાં માઈકલ બી રીચ 'રેન્ડ કોર્પોરેશન'ના પ્રમુખ અને ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર છે.

આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ક્ષેત્ર કોઈપણ હોય શોધ અને સંશોધનનો દબદબો હંમેશા રહેતો હોય છે. પરિવર્તન એ જીવનનો ક્રમ છે. પરિવર્તન માટે સંશોધન અને અભ્યાસ પાયાની બાબત છે. રેન્ડ જેવી સંસ્થાઓ સંશોધનના બલબુતા ઉપર વિશ્વને નવી દ્રષ્ટિ આપતાં હોય છે. તાજેતરમાં રેન્ડ કોર્પોરેશન દ્વારા એક અહેવાલમાં અમેરિકા, રશિયા અને ચાઈનાને ચેતવવામાં આવ્ય હતા કે, તેમના દેશમાં બનાવાતી મિસાઈલ ટેકનોલોજી ઝડપથી વિકાસ પામી રહેલા ત્રીજા વિશ્વના દેશોને ન વેચવી જોઈએ. જો અમેરિકા, રશિયા અને ચીન આ ચેતવણી અવગણશે તો તેના દુષ્કર પરિણામો ભવિષ્યમાં બહુ જ ખતરનાક રીતે આવશે. મોટી વિડંબણા તો એ છે કે, શસ્ત્રો વેચવાની હોડમા અગત્યના સંશોધનો અવગણવામા આવે છે અને એ બહુ સાહજિક બાબત બની ગઈ છે. સામાન્ય રીતે કોઈપણ સંશોધનના તારતમ્યોના વિગતવાર અભ્યાસ અને ઊંડા ચિંતનમાંથી આવતા હોય છે. સંશોધન એ અભ્યાસ અને ચિંતન પછીનું ત્રીજું પગથીયું છે. અને સંશોધન બાદ પૃથક્કરણ, અમલીકરણ અને પછી પરિણામ. આમ કુલ છ તબક્કામાં શોધ કાર્યની પ્રક્રીયા પસાર થતી હોય છે. શોધકાર્ય જેટલું સચોટ એટલું પરિણામ નક્કર અને સંવેદનશીલ.

ધબકાર

જ્યારે આપણે જાણતા હોઈએ કે આપણે શું કરી રહ્યા છીએ, તો તે સંશોધન કહેવાય જ નહીં.... આલ્બર્ટ આઈન્સ્ટાઈન